# અરવલ્લી જિલ્લાના વિકાસ માટે બજેટમાં ૭૫ કરોડથી વધુની ફાળવણી

## મોડાસા ખાતે ૨ કરોડ રૂપિયાના ખર્ચે સિવિલ હોસ્પીટલ બનાવા બજેટમાં ફાળવણી

(સમીર બલોચ /જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૨૫

સાબરકાંઠા જીલ્લા માં થી અરવલ્લી જીલ્લો અલગ બન્યા પછી અરવલ્લી જીલ્લા માં વિકાસ થાય તે માટે અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ ધ્વારા આરોગ્ય વિભાગ માં મોડાસા ખાતે સિવિલ હોસ્પીટલ બનાવવા માટે આરોગ્ય વિભાગ માં દરખાસ્તન મોકલવામાં આવી હતી ત્યારે આજે ગુજરાત જવિધાનસભા માં રજુ થયેલ બજેટ માં અરવલ્લી જીલ્લા ના મોડાસા ખાતે સિવિલ હોસ્પીટલ બનાવવા માટે ૨ કરોડ રૂપીયા ની રકમ ની ફાળવણી કરવામાં આવી આવી છે

આજરોજ વિધાનસભા ખાતે શરૂ થયેલ બજેટ સત્ર માં નાણામંત્રી સૌરભ પટેલે સને ૨૦૧૫-૧૬ નુ બજેટ રજુ કરવામાં આવ્યુ હતુ જેમાં અરવલ્લી જીલ્લા ના વ્કાસ માટે ૭૫ કરોડ રૂપીયા જેટલી રકમ ની ફાળવણી કરવામાં આવી છે આ બજેટ માં જિલ્લા ન્માં દેવ ની મોરી ખાતે બૌધીક પોઈન્ટ ના વિકાસ માટે રૂ ૧૮ કરોડ તેમજ મોડાસા થી રાજેન્દ્ર નગર સુધી નો રસ્તો થ્રી લેન કરવા માટે અંદાજે ૫૦ કરોડ મોડાસા ખાતે સિવિલ હોસ્પીટલ બનાવવા માટે ૨ કરોડ અને આઈટીઆઈ ના મલ્ટીસ્ટોરેજ બીલ્ડીગ બનાવવા માટે ૫ કરોડ ની રકમ મળી કુલ અરવલ્લી જીલ્લા ના વિકાસ માટે હાલ નાણામંત્ર ધ્વારા ૭૫ કરોડ રૂપીયા જેટલી બજેટ માં ફાળવણી કરવામાં આવી છે મોડાસા રાજેન્દ્ર નગર નો ૨૧ કિમિ લાબો સ્ટેટ હાઈવે હાલ ૭ મીટર ની પહોળાઈ ધરાવે છે આગામી વર્ષ માં રાજય સરકાર ધ્વારા રાજય ના ૯૬૯ કીમી ના ખમાર્ગો ૧૦ મીટર પહોળા કરવાનુ નકકી કરવામાં આવ્યુ છે તેમાં મોડાસા રાજેન્દ્ર નગરના હાઈવે નેપણ ૧૦ મીટર પહોળો કરવા ૫૦ કરોડ થી વધુ ની રકમ ફાળવી આપતા આનંદ ની લાગણી ફેલાઈ હતી.

# અરવલ્લી જીલ્લામાં ખાણ ખનીજ વિભાગનો સપાટો

## ધનસુરાની શીકા ચોકડી પરથી ખનીજ ચોરી કરતાં ચાર જેટલી ટ્રકો ઝડપી પાડી

મોડાસા તા.૨૫

અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ અધિકારી ધ્વારા છેલ્લા કેટલાય સમય થી ખનીજચોરી કરતાં ખનીજ માફીયાઓ સામે લાલ આંખ કરી હોય તેવુ લાગી રહયુ છે જેને પગલે અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ અધિકારી ધ્વારા થોડાક સમય પહેલા જીલ્લા ખાણ ખનીજ અધિકારી યદુવંશી ધ્વારા અરવલ્લી જીલ્લા માં સપાટો બોલાવા માં આવ્યો હતો અરવલ્લી જિલ્લા માં અલગ અલગ સાત જેટલી જગ્યાએ ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ અને ચેકીંગ દરમ્યાન ૧૧ જેટલા ટ્રકો અને એક ટ્રેકટર તેમજ ટોલી સહીત અંદાજે દોઢ કરોડ થી પણ વધુ નો મુદ્દામાલ જપ્ત કરી ને સપાટો બોલાવા માં આવ્યો હતો આ ચેકીંગ માં પકડાયેલ મોટા ભાગના વાહનો રોયલ્ટી પાસ વગર તેમજ ઓવરલોડ રેતી ભરી ને રાજસ્થાન માં લઈ જતા હતા જેને લઈ ને અરવલ્લી જીલ્લા ના ખાણ ખનીજ અધિકારી યદુવંશી અને તેમની ટીમ ધ્વારા અલગ અલગ સાત જેટલી જગ્યાએ ઓચિંતુ ચેકીંગ હાથ ધરી ને સ્થળ ઉપર થી ૧૧ જેટલી ટ્રકો અને ૧ ટ્રેકટર અને ટ્રોલી સહિત નો મુદ્દામાલ જપ્ત કરી ને આ તમામ વાહનો મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે મોકલી આપવામાં આવ્યા હતા જેને લઈ ને જીલ્લા માં ખનીજ ચોરી કરતાં ખનીજ માફીયાઓ માં ફફળાટ વ્યાપી ગયો હતો ત્યારે આજે ફરી થી એકવાર ધનસુરા તાલુકા ના શીકા ચાર રસ્તા ઉપર થી વગર રોયલ્ટી પાસે ખનીજ ચોરી કરતાં ચાર જેટલી ટ્રકો ઝડપી



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પાડી હતી જેમાંથી ૩ ટ્રકો રેતી ની ખનીજ ચોરી કરતા અને ૧ ટ્રક લાલ પત્થર ની ચોરી કરતાં ઝડપી પાડી હતી જે અંદાજે ૪૦ લાખ રૂપીયાનો મુદ્દામાલ સ્ઝ કરવામાં આવ્યો હતો અને અંદાજે ૧લાખ ૬૬ હજાર રૂપીયા જેટલો દંડ ફટકારવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસા ખાતે લાંચ રૂશ્વત બ્યુરો ઓફીસનો શુભારંભ કરાયો

## અધિક નિયામક શમશેર સિંઘના હસ્તે શુભારંભ

મોડાસા તા.૨૫

સમગ્ર ગુજરાત રાજય માં ભ્રષ્ટ્રાચારે માઝા મુકી છે ત્યારે આ ભ્રષ્ટ્રાચાર



ને નથવા માટે સમગ્ર રાજય માં લાંચ રૂશ્વત બ્યુરો ની ઓફીસો ખોલવામાં આવી છે ત્યારે આજરોજ અરવલ્લી જીલ્લા ના મોડાસા ખાતે આ ઓફીસ નો પણ શુભારંભ કરવા માં આવ્યો હતો

આજ રોજ મોડાસા ડેપો પાછળ આવેલ મેશ્વો કોલો ની ખાતે અરવલ્લી જીલ્લા લાંચ રૂશ્વત બ્યુરો અધિકારી ની ઓફીસ નો શુભારંભ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે ગુજરાત રાજય ના લાંચ રૂશ્વત બ્યુરો ના અધિક નિયામક શમશેર સિઘ (આઈપીએસ)તેમજ અરવલ્લી જીલ્લા કલેકટર બી જે ભટ્ટ જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા લાંચ રૂશ્વત બ્યુરો ના મદદનીશ નિયામક પી જે ચૌધરી તેમજ અરવલ્લી જીલ્લા ના ઈ.પોલીસ ઈન્સપેકટર જેઆર વાઘેલા તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થીત રહયા હતા કાર્યક્રમ ની શરૂઅખાત દીપ પ્રાગ્ટય કરી કરવામાં આવી હતી ત્યાર બાદ અધિક નિયામક શમસેરસિંઘ એ પોતાના વકતવ્ય માં જણાવ્યુ હતુ કે લોકો જાગૃત થાય અને ભ્રષ્ટાચાર આચરનારોઓને ખુલ્લા પાડે તે માટે ફેસબુક વોટસએપ અને ટોલ ફ્રી નંબર પણ ઉપલબ્ધ કરવામાં આવ્યો છે ત્યારે હવે અરવલ્લી જીલ્લા માં ભ્રષ્ટ્રાચાર આચારનાર અનુ લાંચ માગનાર ની ખેર નથી.

# હિંમતનગરની મહિલાનું સ્વાઈન ફ્લુથી મૃત્યુ

સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈનફ્લુની ગંભીર બિમારીમાં સપડાયેલા વધુ આઠ દર્દીઓ સારવાર હેઠળ છે ત્યારે હિંમતનગરની મહિલાનું સારવાર દરમિયાન બુધવારે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં મોત નિપજયુ છે. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં સ્વાઈનફ્લુના કારણે પાંચ દર્દીઓના મોત નિપજતા -જામાં ભયનો માહોલ ફેલાયો છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈનફ્લુથી પીડાતા દર્દીઓની સંખ્યામાં કૂદકે ને ભૂસકે વધારો થઈ રહ્યો છે. આરોગ્ય તંત્રના તમામ દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે ત્યારે બુધવારે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાયેલ ૨૪ વર્ષીય મહિલાનું મોત નિપજતા પરિવારજનોમાં શોકની લાગણી -ર્વતવા પામી છે.

આ અંગે વધુ માહિતી આપતા સાબરકાંઠા જિલ્લાના એપેડેમિક ઈન્ચાર્જ અરૂણસિંહ ભાટીએ જણાવ્યુ હતું કે સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ -ંતિજ તાલુકામાં સ્વાઈનફ્લુના દર્દીઓને સારવાર માટે સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બુધવારે હિંમતનગર તાલુકાના ગઢોડા, ગઢા, પીપળીયા તથા શહેરના હરિજનવાસમાં સ્વાઈન ફ્લુના ચાર દર્દીઓને સારવાર માટે ખાનગી તેમજ સિવિલ હોસ્પિટલ હિંમતનગરમાં ખસેડાયા છે. આ ઉપરાંત -ંતિજ તાલુકાના વડવાસા અને ઝીઝવા ગામમાં પણ સ્વાઈનફ્લુના સંકજામાં વધુ બે દર્દીઓ સપડાયા હોવાના અહેવાલ મળ્યા છે.તલોદ તાલુકાના આંત્રોલી અને ઈડર શહેરની સી.કે.પટેલ હાઈસ્કૂલ પાછળ રહેતા ૬૬ વર્ષીય એક પુરૂષ દર્દીમાં સ્વાઈનફ્લુના પોઝીટીવ લક્ષણો જોવા મળતા સારવાર માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. અત્યાર સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈનફ્લુના કારણે પાંચ દર્દીઓના મોત નિપજયા છે. જયારે ૬૦ દર્દીઓમાંથી ૨૩ દર્દીઓને સારવાર બાદ રજા આપવામાં આવી છે. જયારે ૩૨ દર્દીઓને હાલમાં ખાનગી તેમજ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે.

વાતાવરણમાં થયેલા ફેરફારના કારણે સ્વાઈનફ્લુના વાયરસ વધુ સક્રિય બનતા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્વાઈનફ્લુના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવતા તમામ દાવાઓ હાલમાં તો ખોટા સાબિત થઈ રહ્યા છે. જિલ્લાનું વહીવટી તંત્ર પણ જાણે ઘોર નિંદ્રામાં હોય તેમ સબ સલામતની બૂમરેણ મચાવી રહ્યુ છે. ત્યારે જ સ્વાઈનફ્લુના કારણે હજુ કેટલા દર્દીઓના મોત નિપજશે તેની ચિંતા -જાને સતાવી રહી છે.

# મેઘરજના ૨૦૧૦ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને પ્લોટ ન ફળવાતા ભૂખ હડતાળ પર



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૫

૨૦૧૦માં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં મેઘરજના ૩૨ જેટલા લાભાર્થીઓને પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પ્લોટ આપવાની જાહેરાત કરી હતી તેમજ પ્લોટ ફાળવવા જમીન ગામતળમાં નીમ કરવાથી માંડીને સર્કલ દ્વારા સર્વેની કામગીરી તેમજ લેન્ડ કચેરી દ્વારા પ્લોટની જરૂરી મંજુરીની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હોવા છતાં આગળની કામગીરી કરવામાં આવી ન હતી. તેમજ સાચા લાભાર્થીઓને યાદીમાં સ્થાન આપવામાં આવે તેવી માંગણી સાથે સામાજીક કાર્યકર કનુભાઈ પરમારની આગેવાની હેઠળ ૫૦ જેટલા લાભાર્થીઓ મેઘરજ મામલતદાર કચેરી આગળ ઉપવાસ પર બેઠા હતા. આ ભુખ હડતાળ પર બેઠેલા લાભાર્થીઓની જાણ સરકારીતંત્રને જાણ થતા દોડધામ મચી ગઈ હતી અને મેઘરજ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા લાભાર્થીઓના આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. વહીવટી તંત્ર દ્વારા ચોક્કસ સમય મર્યાદામાં જમીન અને લે આઉટની પ્રક્રિયા પતાવી ઉપવાસ પર બેઠેલા લાભાર્થીઓને પ્લોટની ફાળવણી કરવામાં આવશે તેમ જણાવી મેઘરજના મામલતદાર દ્વારા ભુખ હડતાળ ઉપર ઉતરેલા લાભાર્થીઓને આશ્વાસન આપી યોગ્ય કાર્યવાહી કરવાની બાંહેધરી આપી સમજાવતા અને લાભાર્થીઓએ વહીવટીતંત્રએ આપેલા આશ્વાસન ઉપર વિશ્વાસ જાળવી ભુખ હડતાળને સમેટી લીધી હતી. ભુખ હડતાળ સમેટાતાં વહિવટીતંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ડીસાની જાણીતી ગેસ એજન્સીના કર્મચારીઓની પગાર વધારા મુદ્દે હડતાલ

ડીસા, તા. ૨૫

ડીસા માં જી,આઈ,ડીસી વિસ્તાર માં આવેલી રીન્કુગેસ એજન્સી ના કર્મચારી ગણે પગાર વધારો, પી,એફ, સહીત ની માંગ કરતા એજન્સી સંચાલકે આ માંગ ન સંતોષતા વિવાદ છેડાયો હતો, અને આ કર્મચારી હડતાલ પર ઉતરતા હોમ ડીલેવરી સેવા ઠપ્પ થઈ છે

બનાસકાંઠા ના ડીસા ની રીન્કુ ગેસ એજન્સી ૨૫ હજાર થી વધુ ગ્રાહકો ધરાવે છે, આ એજન્સી માં કામ કરતા કર્મચારી માં હોમ ડીલેવરી એ ગેસની બોટલ પહોચાડતા ૧૧ જેટલા કર્મચારી ગત ૧૮ તારીખ થી હડતાલ પર છે, આ કર્મચારી ગણે આજે ડીસા મામલતદાર ને પોતાની વિવિધ માંગણીઓ સાથે નું આવેદન પત્ર આપ્યું હતું, અને પગાર વધારો, પી,એફ, તેમજ સરકારી ધારા ધોરણ મુજબ મળતા તમામ લાભો આપવા રજૂઆત કરી હતી, જયારે બીજી તરફ આ એજન્સી ના સંચાલક રોહિતભાઈ શાહ સાથે ની મન્ત્રણા નિષ્ફળ નીવડતા આ કર્મચારી ગણે હડતાલ ચાલુ રાખતા હજારો ગ્રાહકો ની હોમ ડીલેવરી સેવા ખોરવાઈ છે જોકે હડતાલી કર્મચારી ગણે તેમની માંગણી નહિ સંતોષાય ત્યાં સુધી હડતાલ ચાલુ રહેશે તેવું જણાવતા વિવાદ યથાવત રહ્યો છે

જયારે બીજી તરફ આ વિવાદ માં ગ્રાહકો ને પડતી તકલીફો દુર થાય તે માટે ડીસા ના નાયબ મામલતદાર દવારા આ મામલે જીલ્લા પુરવઠા અધિકારી ને વિગતે રીપોર્ટ કરાયો છે અને સંચાલક ને ગ્રાહકો ને તકલીફ ન થાય અને હોમ ડીલેવરી સમયસર મળી રહે તેવી વ્યવસ્થા કરવા જણાવાયું છે.

# ડીસાના ૬ વર્ષીય વેદાંતના પગને અસાધ્ય રોગની પીડા

ડીસા, તા.૨૫

બનાસકાંઠા માં એક માસુમ ૬ વર્ષના વેદાંત ને તબીબી જગત માં અસાધ્ય કહી શકાય તેવી બીમારી જન્મ સમય થી જ છે.અને તેનો જમણો પગ અસાધારણ એવું સાડા પાંચ કિલો વજન ધરાવે છે,જોકે તે નો એક પગ વજનદાર હોવા છતાં ય દોડી અને ચાલી શકે છે.આ માસુમ ને ૧૦૦થી વધુ ડોકટરોએ તપાસ્યો છતાં નિદાન અકળ રહેલ છે, ત્યારે કુદરતની કમાલ કહો કે પછી ક્રુરતા પણ હાલ તો આ માસુમ તેના વજનદાર પગ અને લોકો નાં હાસ્યાસ્પદ નિવેદનો નો મારો સહન કરી જાને ભગવાન ને કહી રહ્યો છે કે હે -ભુ મને આ કયા ભવ ની સજા આપી છે ??

કુદરત ની કરામત ને આજ દિન સુહી કોઈ પામી શકયુ નથી.અનેકો અનુકમ્પિત,અને અરેરાટી ઉપજે, હાયકારો થાય તેવા કિસ્સા રોજબરોજ નાં જીવન માં આપની નજર સમક્ષ આવતા હોય છે ત્યારે બનાસકાંઠા ના ડીસા માં આવોજ એક તબીબી જગત ને ચેલેન્જ રૂપ કિસ્સો સામે આવ્યો છે જયાં એક ૬ વર્ષીય બાળકનો પગ એટલો વજનદાર છે જે જોઈ સૌ કોઈની આંખો પહોળી થઈ જાય. આ બાળકનું નામ વેદાંત જોશી છે અને ગુજરાતના ડીસા જીલ્લામાં રહે છે. જન્મની સાથે જે એક પગ બીજા પગ કરતા ઘણો વજનદાર અને મોટો છે. ૬ વર્ષીય વેદાંત નો જમણો પગ ૫.૪ કિલોનો છે અને તેને ઠીક કરાવવા માટે તેના માતા-પિતાએ કેટલાય ડોક્ટરો પાસે સારવાર કરાવી. પરંતુ નવાઈની વાત એ છે કે કેટલાય ટેસ્ટ બાદ પણ ડોક્ટરો તેની આ હાલતનું કારણ શોધી શક્યા નથી. જો કે ડોક્ટરોએ કહ્યું કે વેદાંતનો પગ આ -કારનો હોવા છતા વેદાંતના જીવને કોઈ જોખમ નથી. ડોક્ટરોનું કહેવું છે કે આ કોઈ હોર્મોન્સ ઈમબેલેન્સથી જોડાયેલો કેસ છે. આટલો મોટો પગ હોવા છતા વેદાંતને ચાલતી વખતે દોડતા સમયે કે પછી કોઈ ખાસ કામ કરતા સમયે તકલીફ થતી નથી. હાં, પણ પોતાની આ પરિસ્થિતિના કારણે તે સ્કૂલે જઈ શકતો નથી કારણ કે ત્યાં બધા તેની મજાક ઉડાવે છે.

વેદાંતનો પગ જોઈ સેંકડો ડોક્ટરો મૂંઝવણમાં મુકાયા છે. ડોક્ટરોને કોઈ વિચાર સુજતો નથી કે બાળકની આ સ્થિતિની સારવાર કેવી રીતે કરવી. વેદાંત કહે છે કે તેના પગના કારણે લોકો તેનો બહિષ્કાર કરે છે. અન્ય બાળકોમાં તેના પગના કારણે તે હાંસી પાત્ર બને છે. બાળકો મારી મજાક ઉડાવે છે કારણકે હું ઝડપી દોડી શકતો નથી. તેઓ મને ક્રિકેટ અને ફૂટ બોલ રમવા માટે બોલાવતા નથી. હું તેમને કહું છું કે હું ઝડપી દોડી શકુ છું તેમ છતા પણ તેઓ મને તેમની સાથે રમાડતા નથી. હું શાળાએ જવા ઈચ્છું છું પણ શાળાના ટીચર મારા પિતાને કહે છે કે હું શાળાએ જઈ શકીશ નહી. તેના માતા-પિતા છેલ્લા ૬ વર્ષમાં ૧૦૦થી વધારે ડોક્ટરોની પાસે સારાવાર અર્થે લઈ ગયા છે પરંતુ ડોક્ટરો વેદાંતની આ હાલત જોઈ મુંઝવણમાં આવી જાય છે. તેના પગની સમસ્યાને દુર કરવા અનેકવાર રક્ત, પરસેવો અને લાળના પરિક્ષણ કરવામાં આવ્યા પરંતુ ડોક્ટરો તેની આ સમસ્યાનું નિદાન કરવામાં નિષ્ફળ ગયા.

વેદાંતના પિતા તેને અમેરિકા, મુંબઈ, ઉદયપુર અને ચેન્નાઈના ડોક્ટરો પાસે તપાસ કરવી ચૂક્યા છે છે તેના હોર્મોન્સ ઈમબેલેન્સ છે તો કેટલાંક કહે છે તેના પગમાં લોહી હાલ તો અનુત્તર રહ્યો છે જોકે હાલ તો આ બધી બાબતો



તસ્વીર- ધનેશ પરમાર- ડીસા

પરંતુ તેની આ સમસ્યાનું નિરાકણ લાવી શક્યું નથી. તેના પિતા દિલીપભાઈ જોશી(ઉં.વ.૩૦) કહે છે કેઁ, મે હોમિયોપેથ, ઓલોપેથ, ઓર્થોપીડીક, હાડકાના નિષ્ણાતો અને ત્વચા નિષ્ણાતો શક્ય તમામ તબીબી વિજ્ઞાાન -યોગો કર્યા પરંતુ કોઈ સફળ રહ્યા નહી. વધુમાં તેમણે કહ્યું કે અમેરિકાના ડોક્ટરો પણ કહી જણાવી શક્યા નહી કે વેદાંતની આ પરિસ્થિતિ પાછળ ક્યું કારણ જવાબદાર છે. કેટલાંક ડોક્ટરો કહે બરોબર પહોંચતુ નથી તો કેટલાંકનું કહેવું છે કે પાણી રીટેન્શન સાથે સંકળાયેલો કેસ છે. પરંતુ તે દરેક વેદાંતની સારવાર કરવામાં નિષ્ફળ રહ્યાં.

વેદાંત ને તબીબી અભિ-ાય મુજબ જન્મજાત ડિસઓર્ડર -ોસ્ટિઅસ સિન્ડ્રોમ નામનો રોગ હોઈ શકે ,જોકે દિલીપ જોશીનું બીજું સંતાન સ્વસ્થ છે.ત્યારે વેદાંત ને આવી જન્મ જાત અને પીડાદાયક બીમારી કુદરતે કેમ આપી તે સવાલ થી અજાણ માસુમ વેદાંત તેના વજનદાર પગ અને લોકો નાં તેને જોઈ આશ્ચર્યચકિત થતા ભાવો ને જોઈ દુખી મને જાણે કહી રહ્યો હોય કે હે ભગવાન આવો દંડ માટે મને જ નિર્દોષ ને કેમ પસંદ કર્યો ? આ પીડા સહન નથી થતી ....મમ્મી - પપ્પા ની આંખ માં પરેશાની નાં આંશુ હું નથી જોઈ શકતો .....-ભુ પુનઃ એકવાર ચેક કરો... ક્યાંક પાપ -પુણ્ય ના ચોપડો માં ભૂલ થી બીજાની સજા મને તો નથી અપાઈ ગઈ ને...

# ડીસા તાલુકાના માલગઢ ગામે ગોગમંદિરમાં ૩.૭૮ લાખની ચોરી

ડીસા, તા. ૨૫

ડીસા પંથકમાં તસ્કરો નો આંતક ચાલુ રહેતા ગત રાત્રીએ માલગઢ ગામે આવેલા ગોગ મહારાજ નાં મંદિર ને અજાણ્યા તસ્કરો એ નિશાન બનાવ્યું હતું, અને મંદિર માંથી સોના ચાંદીના આભૂષણો સહીત રૂપિયા ત્રણ લાખ ઈઠોતેર હજાર નો મુદામાલ ચોરી કરતા ડીસા તાલુકા પોલીસે ફરિયાદ આધારે તપાસ હાથ ધરેલ છે

બનાસકાંઠા ના ડીસા તાલુકા માં આવેલા માલગઢ ગામે ગત રાત્રીએ બનેલી ચોરી ની ઘટના ની વિગતો જોઈએ તો માલગઢ ગામે જુનું અને આસ્થાનું -તિક એવું ગોગ મહારાજ નું મંદિર આવેલું છે, આ મંદિર માં ગત મોદી રાત્રે કેટલાક અજાણ્યા શખ્સો એ -વેશ કરી તાળા તોડી મંદિર માં પડેલી ગોગ મહારાજ ની મૂર્તિ, સોનાનું દશ તોલા નું પતરું ,ત્રણ કિલો વજન ના મોટા છત્ર સહીત કુલ રૂપિયા ત્રણ લાખ ઈઠોતેર હજાર ની માલમત્તા ની ચોરી કરી હતી, આ ચોરી ને અંજામ આપી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા, જોકે વહેલી સવારે આ ચોરી ની મંદિર ના પુજારી ને થતાં તેમને ગામના સરપંચ ને અને પોલીસ ને જાણ કરતા પોલીસ દોડી આવી હતી,

આ ઘટના ની જાણ થતાં ડીસા વિભાગના ડી,વાય,એસ,પી, એચ.એલ.દેસાઈ અને પી.આઈ. આર,એમ,ભદોરિયા ની ટીમે આ મામલે ધોરણસર ની તપાસ હાથ ધરેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦